સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
# જોરાવર પેલેસ,બનાસકાંઠા,પાલનપુર

Email Id :bnsdeo@gmail.com
Phone No: 02742- 257055

સ્મૃતિપત્ર–૨ ટોચ અગ્રતા

ક્રમાંકઃમા.વિ–૪/વિધાલક્ષ્મી બોન્ડ/૨૦૧૮–૧૯/ ૩૨૨૦૩ - ૩૨૫૨૩ તાઃ–૧૦/૦૭/૨૦૧૮

પ્રતિ,
આચાર્ય શ્રી,
સરકારી/અનુદાનિત
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ. બનાસકાંઠા

**વિષયઃ–જુન–૨૦૧૮ ધો–૯ માં પ્રવેશ મેળવનાર કન્યાઓને વિધાલક્ષ્મી બોન્ડ આપવા બાબત...**

સંદર્ભઃ–કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃઅનદ–૩ /માધ્ય/વિધાલક્ષ્મીબોન્ડ /૨૦૧૮–૧૯/૧૦૫૭૯ –૧૦૬૧૩ તા.૨/૬/૧૮ અન્વયે...
૨.અત્રેની કચેરીના પત્રક્રમાંકઃમાવિ–૪/વિધાલક્ષ્મીબોન્ડ/૨૦૧૮–૧૯/૨૧૨૭૩ –૨૧૭૭૩ તા.૧૨/૬/૨૦૧૮

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ દર્શિત પત્ર–૧ થી રાજય સરકારે ૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામોની તેમજ ગરીબી રેખા હેઠળની આવક જુથમાં આવતા કુટુંબોની કન્યાઓ જેઓ જુન–૨૦૧૮ થી ધો–૯ માં પ્રવેશ મેળવેલ હોઈ તેમને રૂ.૨૦૦૦/– ના સરદાર સરોવર નર્મદા નિગમના બોન્ડ આપવા માટે સને ૨૦૧૮–૧૯ ના વર્ષમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

સંદર્ભ દર્શિત પત્ર–૨ થી આપની શાળાને લગતી માહિતી આ સાથેના સામેલ પત્રક માં તેમજ નીચે જણાવ્યા પ્રમાણે આધારો સાથે છેલ્લી તારીખઃ– ૧૫/૦૬/૨૦૧૮ સુધીમાં અત્રેની કચેરીએ મોકલી આપવા જણાવવામાં આવલ હતું પરંતુ આજ દિન સુધી પર્યાપ્ત માહિતી અત્રેની કચેરીને મળેલ નથી. જેથી દિન–૩ માં માહિતી મોકલી આપવાનું રાખશો. માહિતી સમય મર્યાદા માં નહી મળે તો આપની શાળામાં આવા લાભાર્થી નથી તેમ ગણી વડી કચેરીએ જિલ્લાની સંકલિત માહિતી રજુ કરવામાં આવશે. ત્યાર બાદ જે કંઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળાના આચાર્યશ્રી ની રહેશે.જેની ખાસ નોંધ લેવી.

૧.૩૫% થી નીચે સ્ત્રી સાક્ષરતા દરનું પ્રમાણપત્ર
૨.બી.પી એલ કાર્ડની નકલ
૩.આધારકાર્ડની નકલ
૪.બેંક ખાતાની પાસબુકની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

**નકલ રવાના જાણ તથા અમલ સારૂ :–** લાયઝન અધિકારી,સદર કચેરી,પાલનપુર
દિન–૩ માં સદર માહિતી રજુ કરવા સારૂ

# <u>પત્રક–૧</u>

## જુન–૨૦૧૮ માં ધોરણ–૯ માં પ્રવેશ મેળવતી
## ૩૫ % થી ઓછા સાક્ષરતાદર ધરાવતી કન્યાઓની યાદી

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થીનીનું નામ | જન્મ તારીખ | ગામનો સાક્ષરતા દર ૩૫% થી ઓછો ૨૦૧૧ ની સ્થિતિએ | બી.પી.એલ કાર્ડ નંબર | આધારકાર્ડ નંબર | બેંક ખાતા નંબર/IFSC કોડ સાથે | બેંકનું નામ/સરનામું | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

**નોંધ– વિદ્યાર્થીનીના આધારો આ પત્રક સાથે જોડવા.**